ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*હજી 'લોકપાલ'ની નિયુક્તિ કરી નથી શકતા !*
*નિર્ભયાઓની સુરક્ષા પણ કરી નથી શકતા !*
*કરી નથી શકતા અમલ ક્યાંય દારૂબંધીનો*
*ને નિશાળની ફી પણ નક્કી કરી નથી શકતા...*
*(આપણું પોપાંબાઈ - મંડળ)*

### હાઈકુ

*નીમો કોર્ટ ને -*
*સુપ્રીમ કેબિનેટ -*
*થાવ નચિંત...*
*(ગાડા નીચે કૂતરાં)*

*કરે બચાવ -*
*અનિર્ણાયક સ્થિતિનો*
*'કોર્ટ કેસ છે.'*
*(ખંખરે હાથ ને જવાબદાર)*

### ચિંતન

*એહિકામુષ્મિકાર્યષુ હ્યુનિત્વેન નિશ્ચયાત્ ।*
*નૈઃસ્પૃહાં તુચ્છ બુદ્ધયા યત્તદ્વૈરાગ્યમિતીર્યતે ॥*

**ઉપરોક્ત શ્લોક વૈરાગ્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**આલોકના તથા પરલોકના વિષયો અનિત્ય છે એવો નિશ્ચય થવાથી તેના પર તુચ્છ બુદ્ધિથી તેની સ્પૃહા ચાલી જાય, તેને 'વૈરાગ્ય' કહે છે.**

**'સુખ' કોને કહેવાય એની સાચી સમજ આપણને નથી જે કાયમી - નિત્ય ટકી રહે નાશવંત ન હોય તે સાચું સુખ છે. ભૌતિક આનંદ આપનારાં સુખ કાયમી નથી આજકાલ કે વર્ષો પછી તેનો નાશ થાય છે.**

**મન-આત્માને પરમ - કાયમી - સુખ આપે તે 'નિત્ય' સુખ છે. ઈશ્વરાનંદ - ભક્તિ - સ્મરણનો આનંદ કાયમી છે. જયારે આ 'સમજ' મન-આત્મા ને થાય ત્યારે 'વૈરાગ્ય' આવે છે. (ખોટાં સુખ પ્રત્યે) અને 'સત્ય' સુખ સમજાય છે.**

### સુવિચાર

- મૈં ગુનાહ કરતા હું, વો 'બખ્સ' દેતા હૈ, મૈં આદત સે મજબૂર, વૉ 'રહેમત' મે મશહૂર - **બિરજુલાલ**
- ખોટા પાસવર્ડથી જો મોબાઈલનું લોક ના ખુલતું હોય યો
  ખોટા કામથી સ્વર્ગનો દરવાજો કેમ ખુલશે ?? - **એસ. ભટ્ટાચાર્ય**
- ભરોસો જેટલો કિંમતી હોય છે, દગો એટલો મોંઘો થઈ જાય છે - **આત્મરામ**
- ભૂલી જા તારા ભૂતકાળને એ તો માત્ર પવનની લહેર હતી,
  સંભાળ તારા ભવિષ્યને તોફાન તો હજી બાકી છે - **બોધિવૃક્ષ**
- સંબંધો સૂકા ફૂલો જેવા હોવા જોઈએ,
  પ્રેમનાં પાણીનો છંટકાવ થાય કે મહેકી ઊઠવા જોઈએ - **અખંડ આનંદ**
- પોતાના માટે જીવો, બીજાને 'બતાવવા' માટે નહિં - **જય વસાવડા**
- આજનું ઔષધ : અડધી ચમતી ઈન્દ્રજવનો ભૂકો સાત દિવસ લેવાથી પેટના કૃમિનો નાશ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

હંગેરીની રાજધાની બુડાપેસ્ટનો એક નાગરીક પોલીસ સ્ટેશનમાં ગયો. અને કહ્યું, 'હવે મારે હંગેરીમાં નહીં, પણ યુરોપનાં કોઈ દેશમાં રહેવા જવું છે પરવાનગી મળશે ?'

પોલીસને પણ આશ્ચર્ય થયું. એમણે પૂછ્યું, 'કેમ ભાઈ, તમે અહીંયા સુખી નથી ?'

હંગેરીયને કહ્યું, 'એવું નથી. અહીં વિશે ફરિયાદ કરવાનું મારી પાસે કોઈ કારણ નથી.' પોલીસે પૂછ્યું, 'તો પછી તમને તમારા કામથી અસંતોષ છે?' હંગેરીયને જવાબ આપ્યો. 'ના, મારા કામકાજ અંગે પણ મારે કોઈ ફરિયાદ નથી.' પોલીસે પૂછ્યું, તો શું તમને અહીંના જીવનધોરણથી સંતોષ નથી? હંગેરિયને કહ્યું, 'મારે યુરોપ એટલા માટે જવું છે કે ત્યાં જઈને મારી ફરિયાદનો અહેસાસ કરી શકું !! અસંતોષની આગ હૈયામાં જલતી રાખીને જીવવાની પણ મજા છે જે મારે ત્યાં લેવી છે.'

આઝાદીએ અધિકારોની ચળ સંતોષવા માટે નથી, પણ અંતઃકરણ કર્તવ્યનું બળ એકટું કરવા માટે છે. આઝાદી એટલે જાત પરનું સ્વામિત્વ. આવેશોની આળપંપાળ હરગીઝ નહીં. આપણે આપણી જાતના સ્વામી એટલા માટે બનવું જોઈએ; જેથી આપણે બીજાના સેવક બની શકીએ.

આઝાદી એ ઉતાવળે ભોગવવાનો અવસર નથી.

# જળપ્રલયના રાહતકાર્યોમાં રાજકારણ નહિ

**તંત્રીસ્થાનેથી...**

છપ્પનિય દુકાળમાં અર્થાત્ સંવત ૧૯૫૬ એટલે કે સને ૧૯૦૦ માં પડેલા ભીષણ દુકાળમાં લાખો લોકો હોમાઈ ગયાં હતા. દુકાળમાં માનવી ભૂખમરાને લીધે જીવ ગુમાવે છે. આજે કદાચ એથી પણ ભયંકર દુકાળ પડે તો પણ માણસોને ભૂખે નહીં મરવા દેવાય. આ વિજ્ઞાનની દેન છે. ટેકનોલોજીનો પ્રતાપ છે. કચ્છના ભયંકર ભૂકંપમાં લોકોના જીવ તો ગયા, કારણ કે કોઈ કાટમાળ નીચે દટાયું હતું તો કોઈ જમીનમાં ધસી ગયું હતું. પરંતુ જે ઘાયલ થયા હતા એમને બચાવી શકાયા હતા અને તમામ ઘરવખરી ગુમાવનારને પણ ભૂખમરો વેઠવો પડે એવી સ્થિતિ નહોતી સરજાઈ. અતિવૃષ્ટિનો કેર ખાળવો અઘરો છે. ગામનાં ગામ સંપર્કવિહોણાં બની જતાં હોય છે. એકાએક આભ ભાટે છે ત્યારે રીતસરના જળપ્રલય જેવી પરિસ્થિતિ સરજાતી હોય છે. આવી પરિસ્થિતિનું વર્ણન માનવજાતિના આરંભકાળ પર્યંત વિસ્તરેલું જોવા મળશે. બાઈબલમાં નૂર કે સનાતન હિંદુ ધર્મનાં પુરાણોમાં મનુ આવા જળપ્રલયમાંથી જીવસૃષ્ટિના પસંદ કરેલા નમૂના સાચવી લેવા દર્શાવાયા છે. એ જીવોએ આગળ જતાં નવી દુનિયા, નવો સંસાર રચ્યો. પ્રાચીનકાળથી જળપ્રલયને યુગના અંત માટેની અનિવાર્ય પ્રાકૃતિક ઘટના ગણાવાયેલ છે. આવા જળપ્રલય વખતે પ્રજાને સૌથી વધારે જરૂર પડે છે રાજાની, લોકતંત્રમાં સરકારની. તંત્ર પણ એની ફરજ સમજીને યથાશક્તિ બધું જ કરી છૂટવા પ્રયાસ કરતું હોય, પરંતુ કયારેક એ પણ વિચલિત થઈ જાય એવી ભયંકર કુદરતી હોનારતો સરજાતી રહે છે. ઉત્તરાખંડની હોનારત આપણે જોઈ ચૂક્યા છીએ. ગુજરાતમાં વરસાદી આફત કરતાં અછતની સમસ્યા આવી છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ઋતુચક્ર ફરી ગયું છે અને ગુજરાત પણ અતિવૃષ્ટિનો ભોગ બનવા લાગ્યું છે. ગયે વર્ષે બનાસકાંઠાનો વારો હતો. આ વખતે સૌરાષ્ટ્રનો ગીર-સોમનાથ પંથક અને દીવ સહિત ભાવનગર જિલ્લાનો દરિયાકાંઠો ઝપટમાં આવ્યો છે. સેંકડો ગામ સંપર્ક વિહોણા બની ગયા છે. માણસો પણ મૃત્યુના મુખમાં હોમાયાં છે ત્યાં પશુપક્ષીનો તો શો હિસાબ ? નદીઓ ગાંડીતૂર બની છે. રેલપાટા ઊખડી ગયા છે. દક્ષિણ ગુજરાતનો જે પટ્ટો સૌરાષ્ટ્રના આ દરિયાકિનારાના અક્ષાંશમાં આવે છે તેવા સુરત - વાપી - વલસાડ, નવસારી અને ડાંગમાં પણ વરસાદે કાળો કેર વરસાવ્યો છે. આશીર્વાદરૂપ ગણાતો વરસાદ હવે તે તમામ વિસ્તારોમાં અળખામણો થઈ પડ્યો છે. આપણા ઉત્તર ગુજરાતને એણે ઓરમાયું ગણ્યું છે અને જયાં વરસે છે ત્યાં દે ધનાધન જળબંબાકાર કરી મૂક્યું છે. તંત્રની રાક્ષસી તાકાત પણ વરસાદના આ ધુંવાધાર આક્રમણ સામે વામણી લાગી રહી છે. અલબત્ત, એનડીઆરએફ અને જરૂર પડ્યે ઍરફોર્સ પણ ખડેપગે જ હોય, છતાં કેટલીક ક્ષતિયો તો રહી જ જવાની. આવા સમયે નાની મોટી ક્ષતિઓના મુદ્દે રાજકીય નિવેદનો નહીં કરતાં તમામ રાજકીય પક્ષોએ અને સ્વૈચ્છિક સંસ્થાઓએ ખભેખભા મિલાવી આવી પડેલ આફત સામે એક થઈને ઝઝૂમવું જોઈએ. માણસ કુદરત સામે આદિકાળથી ઝઝૂમતો જ રહ્યો છે. તે યાદ રાખવાની જરૂર છે.

# ચહેરા પર ચડેલ લાલચનું મહોરું ઊતરતું જોઈ સ્તબ્ધ રહી ગઈ



**નવાં કલેવર**

નટવર હેડાઉ

ઝરમર વરસાદમાં શીલા બસ સ્ટોપ પર ઊભી હતી. બે બસો આવીને પસાર થઈ ગઈ પણ ભીડ વધારે હોવાથી તે બસમાં ચડી શકી ન હતી. હવે છેલ્લી બસ આવવાની હતી. તેમાં ગમે તેમ કરીને ચડી જવું પડે. બસમાં ચડવાની ગડમથલમાં વરસાદમાં તે ભીંજાઈ ચૂકી હતી. ભીંજાયેલા વાળમાંથી મોતી બિંદુઓ જેવાં જળનાં ટીપાં ટપટપ સરકી તેની રૂપાળી કાયા પર ફેલાઈ જઈ રહ્યા હતા. કપડાં પણ ભીંજાઈ ચૂક્યાં હતા. આછી કુર્તિની આરપાસ કાળા રંગની બ્રા અને તેની નીચે ભરાવદાર છાતીનો ઊભાર રસ્તાની સામે છેડે ઉભેલો યુવાન ધ્યાનપૂર્વક જોઈ રહ્યો હતો. તે વાતની જાણ થતાં તેણે પોતાની ભીંજાયેલી ઓઢણીથી ઢાંકવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો. ત્યારે યુવાને પોતાના બાઈકને કીક મારી સ્ટાર્ટ કર્યું અને એકદમ તેની નજીક આવી તે ઊભો રહી ગયો.

'ચાલ શીલું ક્યાં સુધી ભીંજાતી રહીશ હું તને મારા બાઈક પર ઘેર મુકી જાઉં.'

આમ કહેનારો યુવાન શ્યામ હતો. તે બંને વાતો કરતાં હતાં ત્યાં બસ આવી પણ ઊભી ન રહી. હવે શીલાના માટે કોઈ વિકલ્પ ન હતો. તેમના વચ્ચે આમ મિત્રતા પાંગરી અને છેવટે તે પ્રેમમાં પરિણમી.

શ્યામ છેલબટાઉ હતો. કંઈ કમાતો ન હતો. પિતાના પેન્શનના પૈસે મોજ ઉડાવતો હતો. આ વાત શીલાને તેના માતાપિતાએ સમજાવી પણ તેને કહ્યું કંઈ નહીં મારે તો સરકારી નોકરી છે જ ને, અમને વાંધો નહીં આવે.

છેવટે તે બંનેએ લવ મેરેજ કર્યા હતા. તેમના દિવસો બહુ સુખરુપ જતા હતા.

એક દિવસ શીલાએ સ્કૂલથી આવીને પર્સ ટેબલ પર મૂક્યું, તેનો પતિ શ્યામ તેના માટે ચ્હા બનાવી લાવી ટ્રેમાં ચ્હાનો કપ અને પાણીનો ગ્લાસ લઈ બેઠક ખંડમાં આવ્યો.

તેણે સ્મિત સાથે ચ્હાનો કપ હાથમાં લેતાં 'થેંક્સ' કહ્યું, તે વખતે જ શ્યામની નજર તેના ગળા પર પડી. હાર ન જોઈને ગભરાઈને તો બોલ્યો.

'અરે ! શીલુ તારો હાર કયા ?'

'અહીં ડ્રોવરમાં...' ચ્હાનો કપ ટીપોય પર મૂકતા તે સહજ રીતે બોલી.

આવી મોંઘી ચીજ આમ તેમ ન મુકાય, ઘરેણાં સ્ત્રીને તેના મુશ્કેલીના સમયે કાળ આવે છે.' શ્યામ તેને સમજાવતા કહ્યું.

'હું સરકારી નોકરીમાં છું આવા તો કેટલાક હાર ખરીદી શકું તેમ છું. આમ પણ એ હાર કંઈ સોનાનો નથી. સોનાનું પાણી ચડાવેલો છે.' શીલા સાડી બદલતાં શ્યામ તરફ જોયા વગર સહજતાથી બોલી.

શ્યામને ગુસ્સો આવ્યો. તેણે મોટેથી બૂમ પાડી. 'શું કહ્યું, નકલી હાર, અને તે પહેરી તું મારા ઘરમાં આવી ગઈ. '

'હાં, તો એમાં શું થયું, હાર મારો છે. હું અસલી હાર પહેલું કે નકલી.' તેણે હાર કબાટના ડ્રૉવરમાંથી કાઢી પહેરતાં કહ્યું.

'દગો, ફરેબ આ મારી સાથે દગો થયો છે.' તેણે ચીડાઈને ચીસ નાંખતા કહ્યું.

'દગો, તમારી સાથે દગો કઈ રીતે થયો ? હાર મારો છે. પહેરવાનો મારે છે. તેમાં તમારી સાથે દગો કઈ રીતે થયો ? શીલાએ જરા નારાજગીથી ઉત્તર આપ્યો.'

'શીલા, ચૂપ રહો, હું બીજું કંઈ સાંભળવા માંગતો નથી. બે પૈસા કમાવા લાગી એટલે પોતાની જાતને મહાન સમજવા લાગી છે. સાંભળ કાલ સવારે જ તારા બાપને ઘેર જતી રહેજે અને સોનાનો હાર લઈને જ પાછી આવજે સમજીને.'

શીલા શ્યામના ચહેરા પર ચડેલ લાલચનું મહોરું ઊતરતું જોઈ સ્તબ્ધ રહી ગઈ.

# 'બસ પપ્પા, બહુ થયું, પોલીસ સાથે સંતાકૂકડી ક્યાં સુધી?'



**ગુલમહોર**

દિનેશ દેસાઈ

સાબરમતી સેન્ટ્રલ જેલનો દરવાજો ખુલે છે. નમતી સાંજ છે. વીસ વર્ષની ઉંમરે અંદર ગયેલો યુવાન પચ્ચીસ વર્ષની ઉંમરે બહાર આવે છે. પાંચ વર્ષ જેલની સજા ભોગવી હોવાનું જાણીને તેને નોકરીએ રાખવા કોઈ તૈયાર નથી.

"ભીખા, શું કરીશું? સાલું કોઈ કામ-ધંધે રાખવાની ના જ પાડી દે છે. બધા એ રીતે વર્તે છે કે જાણે હું તેમને મારી નાખવાનો ન હોઉં?" હિંમતસિંહ સિસોદીયા અકળાઈ ગયો હતો પણ હવે કરે તો કરે'ય શું?

હિંમત અને ભીખો બેઉ દિલોજાન દોસ્ત હતા અને બેઉ બેકાર હતા. હિંમતે ફિલોસૉફી પેશ કરીઃ "જો, દોસ્ત. સીધા રસ્તે સીધી જિંદગી જીવી શકાય તેમ નથી તો આડા રસ્તે આડી જિંદગી પણ ટ્રાય કરી લઈએ તો કેવું?"

બેઉ મિત્રો અડ્ડા ઉપર જઈ પહોંચ્યા અને કહ્યુઃ "ઈંગ્લિશ માલ ચાહીએ..."

અડ્ડાવાળાએ સામું પુછ્યુઃ "ક્વાર્ટર ચાહીએ, હાફ ચાહીએ યા પૂરી પેટી ચાહીએ?"

હવે આ લાઈનમાં તો બેઉ નવા નિશાળિયા હતા. તેમને આ બધા કૉડવર્ડમાં કોઈ ગતાગમ પડી નહિ. બંને મુંઝાયા હતા. છતા એક આખી પેટી માલ ઉપાડી લીધો હતો. નવા ધંધાની અને અજાણ્યા રસ્તાની શરુઆત હતી. આડા રસ્તે ચાલવાનું બેઉએ નક્કી કરી લીધું હતું. ત્રણે'ક મહિના આમને આમ ચાલ્યું. કહેવાય છે ને કે પોલીસ ગુનો અને ગુનેગારને જાણે સૂંઘી લેતી હોય છે. સ્થાનિક પોલીસ કૉન્સ્ટેબલ પથુભાઈને નવા બે કબૂતરની ભાળ મળી ગઈ હતી.

એક દિવસ પથુભાઈએ બેઉને બોલાવીને ધમકાવ્યા હતાઃ "આ શું માંડ્યું છે? એક જ જગ્યાએ બે બે સ્ટેન્ડ? તમારું અને દિલીપ રાણાનું? કોઈ એકે તો બંધ કરવું જ પડશે."

હિંમત અને ભીખો બેઉ પથુભાઈને તાકી રહ્યા હતા અને પથુભાઈએ આડા રસ્તામાં તોડ કાઢતા નવો રસ્તો બતાવ્યો હતોઃ "તમે બેઉ ઈંગ્લિશનું સ્ટેન્ડ બંધ કરો અને દેશીની પોટલી વેચતા ચંદુજી ચાવડા જોડે ભાગીદારી કરી લો. હું તમારો બેઉનો મેળાપ કરાવી આપું છું. રાણાની સામે પડવાની અત્યારે કોઈ જરુર નથી. જરુર પડશે ત્યારે અમે સામેથી કહીશું."

ચંદુજી ચાવડા તેના ભાઈ શંકરજી ચાવડા સાથે દેશી દારુનું નેટવર્ક ચલાવતો હતો. એમના ધંધામાં હિંમત અને ભીખો ધીમે ધીમે સેટ થઈ ગયા. ત્રણેક વર્ષ આમ જ ચાલ્યું. આ ગાળામાં હિંમતનાં લગ્ન પણ થયાં.

તે જોતો હતો કે દિવસ હોય કે રાત હોય, ચંદુજી અને શંકરજી દેશી પોટલી ગટગટાવીને પડ્યા રહેતા હતા. બધી મહેનત તો પોતે કરે છે. નફામાંથી બે ભાગ તો તેઓ જ રાખી લે છે અને એક ભાગ જ પોતાને મળે છે, જેમાં તેના દોસ્ત ભીખાનો ભાગ પણ કપાતો.

ત્રણ વર્ષમાં હિંમતને હવે દેશીના કારોબારમાં ફાવટ આવી ગઈ હતી. તેણે ચંદુજી અને શંકરજી જોડેની દેશીના છુટકની ભાગીદારી છુટી કરી દીધી. હવે તેણે દેશીના છુટકને બદલે દેશીના હૉલસેલનો ધંધો હાથમાં લીધો. નવેક મહિના આમ ચાલ્યું હશે. તેણે જોયું કે દિલીપ રાણાની ઈંગ્લિશના કારોબાર ઉપરથી પકડ ઢીલી પડી રહી હતી. સ્ટ્રાઈકર કોઈ નહોતું અને મેદાન સાફ હતું. હિંમતે હવે ઈંગ્લિશના હૉલસેલના કારોબારમાં હાથ માર્યો હતો.

**ડી.સી.પી. વિકાસ કદમે તેને પ્રેમથી સમજાવ્યો કે "તમારે એવું કામ શા માટે કરવું પડે કે જેથી દીકરા-દીકરીએ પોતાનું મોઢું છુપાવવાનો વારો આવે? એવું કામ કરો કે જેથી તમે અને સમગ્ર પરિવાર સમાજમાં ગર્વથી માથું ઊંચું કરીને જીવી શકો. તમારા સંતાનો માથું ઊંચું રાખીને અભિમાન સાથે છાતી ફુલાવીને સમાજમાં ફરી શકે. તેમને કોઈ એવું મહેણું મારી જવું જોઈએ નહિ કે આ તો બૂટલેગરનાં છોકરાં છે**

નેટવર્ક તો તેણે જડબેસલાક ગોઠવ્યું હતું. રાજસ્થાનના ડુંગરપુરથી ટ્રક ભરીને માલ ગુજરાતમાં બનાસકાંઠાના રસ્તે ઘુસાડવાનો અને અમદાવાદમાં ઉતારવાનો. શરુઆત હતી એટલે ટ્રકમાં માલની સાથે હિંમત પણ જોડેને જોડે જ રહેતો. એક રાતની વાત છે. અમદાવાદની સરહદે નાના ચિલોડા પાસે વલાદ ગામ નજીક ભારે વરસાદના કારણે ટ્રક પલટી ખાઈ ગઈ. અકસ્માતમાં હિંમત ટ્રક નીચે દબાઈ ગયો. તાત્કાલીક સારવારના કારણે બચી તો ગયો પણ હૉસ્પિટલમાં લાંબો સમય રહેવાનું થયું.

હિંમતસિંહ સિસોદીયા હવે માત્ર એક વિસ્તાર પુરતો નહિ, સમગ્ર શહેરનો ઈંગ્લિશ માલનો સૌથી મોટો સપ્લાયર બની ગયો હતો. કહો કે આ ધંધામાં હવે તેની જ ધાક વાગતી હતી. તેના નામનો ડંકો વાગતો હતો. નીચેથી ઉપર સુધી અથવા ઉપરથી નીચે સુધી તેણે બધું "સૅટિંગ" કરી રાખ્યું હતું. તેના માણસોનું કે તેના અડ્ડાનું કોઈ નામ લેતું નહોતું. બૂટલેગરોની દુનિયામાં તેના નામની ધાક હતી તો સિસોદીયા ખુદ "ઈંગ્લિશ શરાબ"નો પર્યાય બની ગયો હતો. અખબારોના પાને તેનું નામ ચમકતું રહેતું. જ્યારે જ્યારે "પોલીસ રેડ"ને "શૉ-ઑફ્ફ" કરવાની હોય ત્યારે તે પોલીસને કો-ઑપરેટ કરીને પોતાનો થોડો માલ સામેથી પકડાવી દેતો હતો.

—પણ અકસ્માત થયા પછી જાણે તેને નવી જિંદગી મળી હતી. તે બચી ગયો પછી જાણે તેને બ્રહ્મજ્ઞાન થયું હતું. તેનો માંહ્યલો હવે કહી રહ્યો હતો કે "બસ, હવે બહુ થયું. મારે હવે આ કાળાં કામ કરવાં નથી."

સામાન્ય રીતે પોલીસ આમ થવા ન દે. છતા હિંમતસિંહે મન મક્કમ રાખીને સળંગ ત્રણેક વર્ષ ધંધો બંધ જ રાખ્યો. આ સમયગાળામાં પત્નીએ દીકરાને જન્મ આપ્યો. તેનું નામ રાખ્યું, કિરણ. દરમિયાન તેને બે જૂના મિત્રો મળી ગયા, ખત્રી અને કિરીટ.

બેઉએ તેને આગ્રહ કર્યો કે "ચાલ, સિસોદીયા. ફરી એક વાર ધંધો કરી લઈએ. મેદાન સાફ છે, બીજી ઈનિંગ પણ રમી લઈએ."

હિંમતસિંહ માટે બીજી ઈનિંગ ટેસ્ટમેચ જેવી રહી અથવા એમ કહી શકાય કે સરકારની ફૂલ ટર્મ યાને સળંગ પાંચ વર્ષની રહી. નવેસરથી ત્રણેય દોસ્તોએ નેટવર્ક બનાવ્યું. સાહીઠ સાહીઠ ટપોરી છોકરાઓની ગેંગ, ચારસો ચારસો ટ્રકનો કાફલો અને બીજું ઘણું બધું. હવે તો આખાય ગુજરાતમાં સિસોદીયા ગેંગનું નામ ગાજતું થયું હતું. પોલીસ ચોપડે હવે મૉસ્ટ વૉન્ટેડ બની ગયેલો બૂટલેગર હિંમતસિંહ સિસોદીયા હવે ખરા અર્થમાં "ભાઈ" બની ગયો હતો.

દીકરા કિરણના જન્મ પછીના બીજા વર્ષે પત્નીએ એક દીકરીને પણ જન્મ આપ્યો હતો. તેનું નામ નિકિતા પાડવામાં આવ્યું હતું. બે નંબરનો ધંધો હોવાથી દિવસ-રાત ચોર-પોલીસની રમત ચાલતી રહેતી. આજે અહીં તો કાલે ક્યાં? કોને ખબર? પાંચ વર્ષ બધું હેમખેમ ચાલ્યા બાદ પોલીસે તેને "પાસા"માં ગિરફતાર કર્યો હતો. ફરી એકવાર જેલમાંથી બહાર આવ્યા પછી હિંમત ઠરીને ઠામ થયો હતો. હવે ફરી એકવાર તે શાંતિની જિંદગી જીવવા માગતો હતો.

અચાનક એક દિવસ વહેલી પરોઢના ચારેક વાગે ક્રાઈમ બ્રાન્ચના પોલીસ કાફલાએ તેના ઘરે દસ્તક દીધી હતી. ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી. વિકાસ કદમે લીડ કરી હતી. આ બધા શોરબકોરમાં પાંચેક વર્ષનો કિરણ અને દીકરી નિકિતા ભર ઊંઘમાંથી જાગી ગયાં હતાં. પોલીસને જોતાં જ બેઉએ ચાદર ખેંચીને પોતાનો ચહેરો ઢાંકી દીધો હતો. ડી.સી.પી. વિકાસ કદમ આ બધું જોઈ રહ્યા હતા.

આમ તો અવારનવાર બેઉ સંતાનોની માસુમ નજર પિતા સાથે વાતો કરતી રહેતીઃ "બસ, પપ્પા. બહુ થયું હવે. પોલીસ સાથે સંતાકૂકડી ક્યાં સુધી રમશો?"

હિંમતસિંહને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો. જ્યાં ડી.સી.પી. વિકાસ કદમે તેને પ્રેમથી સમજાવ્યો કે "તમારે એવું કામ શા માટે કરવું પડે કે જેથી દીકરા-દીકરીએ પોતાનું મોઢું છુપાવવાનો વારો આવે? એવું કામ કરો કે જેથી તમે અને સમગ્ર પરિવાર સમાજમાં ગર્વથી માથું ઊંચું કરીને જીવી શકો. તમારા સંતાનો માથું ઊંચું રાખીને અભિમાન સાથે છાતી ફુલાવીને સમાજમાં ફરી શકે. તેમને કોઈ એવું મહેણું મારી જવું જોઈએ નહિ કે આ તો બૂટલેગરનાં છોકરાં છે."

**અનુસંધાન પાના નં ૭ પર**

# સંબંધોને સંકોરી લઈને શેષ જીવન વ્યતિત કરવાની મથામણ અને મનોવેદના



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

**(ગતાંકથી ચાલુ)**

ગ્રેટા ગાર્બો. સન ૧૯૦૫માં જન્મેલા ગ્રેટા ગાર્બો વિશ્વવિખ્યાત અભિનેત્રી હતા. સન ૧૯૨૦ થી સન ૧૯૪૧ દરમ્યાન ગ્રેટા ગાર્બોએ હોલિવૂડ ફિલ્મ ઉદ્યોગમાં રાજ કર્યું હતું અને પોતાના અભિનયના ઓજસ પાથરીને લાખો ચાહકોના હૃદયની સામ્રાજ્ઞી બની ગયા હતા. ગ્રેટાને પોતાની અભિનીત બે ફિલ્મો, 'ફ્લેશ એન્ડ ધ ડેવિલ' અને 'રોમાન્સ' માટે અકેડેમી ઍવોર્ડ માટે નોમિનેશન મળ્યું પણ હતું.

પાંસઠ વર્ષની ઉમરે સન ૧૯૭૧માં ગ્રેટા ગાર્બોએ જાહેરમાં કબૂલ કર્યું હતું કે પોતે હતાશાથી (deep depression) પીડાઈ રહી છે. પોતાની ફિલ્મી કારકિર્દી દરમ્યાન કરોડો ડોલરની કમાણી, અઢળક સંપતિ, લાખો ચાહકો અને પ્રશાંશકો, હજારો વ્યાવસાયિક મિત્રો, અંતરંગ સંબંધો જગતની તમામ સુખ સાહયબીમાં રાચતાં હોવા છતાં પોતાના જીવનના છેલ્લા વર્ષોમાં ગ્રેટા ગાર્બોએ સાદગીભર્યું અને અલિપ્ત જીવન જીવવાનું પસંદ કર્યું હતું. જીવનના અંતિમ વર્ષોમાં ગ્રેટા ગાર્બો પોતાના તમામ દુન્યવી, સામાજિક અને વ્યાવસાયિક સંબંધોથી અલિપ્ત થઈ ગયા હતા અને એકાકી જીવન જીવ્યા હતા. પોતાની જિંદગીના છેલ્લા વર્ષોમાં ભાગ્યે જ તેઓ જાહેરમાં દેખાયા હતા, કોઈપણ વ્યક્તિનો સંગાથ તાલયો ટાલ્યો હતો અને કોઈપણ પ્રકારની પ્રસિધ્ધિથી દૂર રહેવાનુ પસંદ કર્યું હતું. ગ્રેટા ગાર્બોએ પોતાના સાઈઠમાં જન્મદિને કહ્યું હતું કે થોડા જ દિવસોમાં પોતાના વિષાદના દિવસો શરૂ થશે અને એ પછી એ વિષાદ કે વેદના પોતાનો પીછો ક્યારેય નહીં છોડે. ગ્રેટા ગરબોની આ ધારણા સાચી પડી અને એમ જ થયું.

ગ્રેટા ગાર્બોની જીવનકથા લખનારે લખ્યું છે કે ગ્રેટા 'બાઈપોલર ડીસઓર્ડર' થી (bipolar disroder) પીડાતા હતા. આ પ્રકારના માનસિક રોગથી પીડાતી વ્યક્તિ ક્યારેક એકદમ નિરાશાવાદી, હારી ગયેલી, હતાશ, થાકી ગયેલી લાગે છે અને ક્યારેક તેનાથી એકદમ ઊલટું, વ્યક્તિ એકદમ તાજગીભરી, ઉત્સાહી અને પ્રવૃતિમય લાગે છે. વ્યકિત આ બેમાઠી પ્રકારના કોઈપણ પ્રકારની માનસિક પરિસ્થિતિમાં હોય, તેની માનસિકતા હંમેશા પારાકાષ્ટાએ જ હોય છે. સન ૧૯૯૦માં ગ્રેટા ગાર્બોનું મૃત્યુ થયું ત્યારે તેઓ એકદમ અલિપ્ત અને એકલવાયું જીવન જીવતા હતા.

ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં પણ ગ્રેટા ગાર્બોની જેમ જ પોતાના જીવનના અંતિમ દિવસો વિતાવ્યા હોય એવી એક અભિનેત્રી હતી. ભારતીય ફિલ્મ ઉદ્યોગના ગ્રેટા ગાર્બો ગણાતા અભિનેત્રી સુચિત્રા સેને (૧૯૩૧-૨૦૧૪) પણ પોતાની જિંદગીના પાછલા વર્ષોમાં અલિપ્ત જીવન જીવવાનું પસંદ કર્યું હતું. સન ૧૯૭૮માં સૂચિત્ર સેને ફિલ્મ જગતમાથી નિવૃતિ લીધી પછી તેઓ અલિપ્ત અને એકલવાયું જીવન જ જીવતા હતા. તેમના જીવનનો એક સમયગાળો તો એવો આવ્યો હતો કે તેઓ કોઈપણ વ્યક્તિને મળવાનું તળતા હતા અને મહિનાઓ સુધી પોતાના ઘરની બહાર નીકળતા ન હતા. સૂચિત્ર સેનને જ્યારે દાદા સાહેબ ફાળકે એવાર્ડ જાહેર થયો ત્યારે પણ પોતે અલિપ્ત રહેતા હતા એટલે એ એવાર્ડ લેવા માટે ગયા ના હતા. સૂચિત્રા સેનની અલિપ્તતાને કારણે તેમના પાછલા વર્ષોના જીવન વિષેની માહિતી ભાગ્યે જ જાણવા મળે છે.

ગ્રેટા ગાર્બો હોય, સૂચિત્ર સેન હોય કે વિદૂરજી હોય, અલિપ્ત જીવન જીવનારી વ્યક્તિ અંતર્મુખી બની જતી હોય છે. વ્યક્તિ એકવાર અંતર્મુખી બની જાય પછી એ વ્યક્તિના નિજી જીવનમાં પોતાના સિવાય અન્ય કોઈ વ્યક્તિ સ્થાન લઈ શકતી નથી. કદાચ કોઈ વ્યક્તિ એ સ્થાન લેવા પ્રયત્ન કરે તો કદાચ તેને માનહાનિ સહન કરવી પડે છે.

જિંદગીભર સંબંધો પાછળ દોડતી વ્યક્તિ, પોતાના લાખો ચાહકો અને પ્રશંસકો વચ્ચે કાયમ માટે ઘેરાયેલી વ્યક્તિ, સતત સંબંધો ખાતર અને સંબંધો થકી જીવતી વ્યક્તિ ક્યારેક પોતે જ સર્જન કરેલા પોતાના સંબંધોના વિશ્વથી કંટાળી જાય છે. અનેક સંબંધોથી ભર્યું ભર્યું પોતાનું જીવન ક્યારેક તેને એકઢાળું અને કંટાળાજનક લાગવા માંડે છે. પોતાના સંબંધોથી તેને અપચો થઈ જાય છે. સંબંધોથી તે ઉબકે આવી જાય છે.

આવું બને છે ત્યારે એ એકધારા અને કંટાળાજનક જીવનમાં વ્યક્તિ પરિવર્તન ઝંખે છે. પોતાની એ ઝંખના પૂરી કરવા, એ પરિવર્તન લાવવા માટે વ્યક્તિ પોતાની પાસે જુદા જુદા પ્રાપ્ય વિકલ્પોમાથી એક વિકલ્પ પસંદ કરે છે અને એ વિકલ્પ એટલે અલિપ્ત જીવન. અલિપ્ત રીતે જીવવાનો વિકલ્પ પસંદ કર્યા પછી, અલિપ્ત રીતે જીવવાનું નું શરૂ કર્યા પછી વ્યક્તિને એ પરિવર્તન સાથે કેટલી સાનુકૂળતા સાધી શકે છે, કેટલી ઝડપથી પોતાના અલિપ્ત જીવનને અનુકૂળ બનાવી શકે છે એ તો વ્યક્તિના પોતાના સંજોગો અને પોતાની આસપાસના સંજોગો અને પરિસ્થિતી અને વ્યક્તિના મનોબળ ઉપર જ આધાર રાખે છે.

એક રીતે જોઈએ તો અલિપ્ત જીવન જીવવાનો નિર્ણય કરવો સહેલો છે, પણ એકવાર અલિપ્ત જીવન શરૂ કર્યા પછી એ અલિપ્તતા ભોગવવી સહેલી અને સરળ નથી. અલિપ્ત જીવન દરમિયાન વ્યક્તિની સામે અનેક પડકારો આવી શકે છે અને એ પડકારો વ્યક્તિ જ્યારે ઝીલી નથી શકતી, તેનો સામનો નથી કરી શકતી ત્યારે વ્યક્તિ બીજીવાર જીવનની બાજી હારી જાય છે. એ સમયે વ્યક્તિ નથી ફરી પાછું સામાન્ય જીવન જીવી શકતી કે નથી અલિપ્ત જીવન જીવી શકતી. એ સમય દરમિયાનની વ્યથા અસહ્ય બની જતી હોય છે અને પછી વ્યક્તિ માત્ર જીવવા ખાતર જીવે છે કારણકે તેનો જિનદગી પ્રત્યેનો બધો જ મોહ ઉતારી ગયો હોય છે.

**(ક્રમશઃ)**